Sl. No. : 0213913

# 154(G)

(March, 2015)

*Time : 3 Hours]* *[Maximum Marks : 100*

સૂચનાઓ :

1) પ્રશ્નપત્રમાં છ વિભાગો છે.
2) બધાજ પ્રશ્નો ફરજિયાત છે. પ્રશ્નની સૂચના પ્રમાણે જ જવાબ લખવા.
3) ફૂટપટ્ટી તેમ જ પેન્સિલનો ઉપયોગ જરૂરી છે.
4) દરેક પ્રશ્નના ગુણ યોગ્ય જગ્યાએ દર્શાવેલ છે.
5) ગણતરી માટે ફક્ત સાદા કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકાશે.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 10 હેતુલક્ષી પ્રશ્નોના ગુણ સરખા છે. દરેકનો 1 ગુણ છે. આપેલા વિકલ્પો પૈકી સાચો વિકલ્પ શોધી તેનો જવાબ લખો.** [10]

1) ભાગીદારોના ઉપાડ પરનું વ્યાજ એ ભાગીદાર માટે શું છે ?

(A) ખર્ચ (B) દેવું

(C) આવક (D) નુકસાન

2) પુનઃમૂલ્યાંકન ખાતાની ઉધાર બાકી એટલે શું ?

(A) નફો (B) ખોટ

(C) દેવું (D) લેણું

3) એક પેઢીનો છેલ્લા ત્રણ વર્ષનો કુલ નફો રૂા. 60,000 છે. પાઘડીની કિંમત બે વર્ષની ખરીદીના આધારે ગણવાની છે. પાઘડીની કિંમત કેટલી ગણાય ?

(A) રૂા. 20,000 (B) રૂા. 40,000

(C) રૂા. 60,000 (D) રૂા. 1,20,000

HSCO.IN

4) કંચન અને કરૂણા ભાગીદારો છે. તેમની મૂડી અનુક્રમે રૂા. 50,000 અને રૂા. 80,000 છે. જો પ્રફુલ્લાને રૂા. 30,000 ની મૂડીથી ભાગીદાર તરીકે દાખલ કરવામાં આવે તો નવી પેઢીનું નફા નુકસાનનું પ્રમાણ નક્કી કરો.

(A) 1 : 1 : 1 (B) 5 : 8 : 3

(C) 8 : 5 : 3 (D) 3 : 5 : 8

5) A, B અને C 5 : 3 : 2 ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચતા ભાગીદારો છે. C નિવૃત્ત થાય છે. નફાનુકસાન વહેંચણીનું નવું પ્રમાણ શોધો.

(A) 3 : 2 (B) 2 : 3

(C) 5 : 3 (D) 5 : 2

6) કંપની વધુમાં વધુ કેટલા ટકા વટાવે શેર બહાર પાડી શકે ?

(A) 8 % (B) 9 %

(C) 10 % (D) 7 %

7) ડિબેન્ચર પરત પ્રિમીયમ ખાતું કંપની માટે શું છે ?

(A) મિલકત (B) દેવું

(C) લેણું (D) નુકસાન

8) નીચેનામાંથી કઈ બાબતોની નાણાંકીય પત્રકોમાં નોંધ થતી નથી ?

(A) સંચાલકોની કાર્યક્ષમતા (B) ચાલુ મિલકતો

(C) રોકાણો (D) પાઘડી

9) ચૂકવેલ ખર્ચની વિગતનો ખ્યાલ ન હોય તો કયા ખાતે શું થાય ?

(A) તસલમાત ખાતે ઉધાર (B) શાહ ખાતે ઉધાર

(C) શાહ ખાતે જમા (D) તસલમાત ખાતે જમા

10) વાયદાના સોદાઓની વિગતો નોંધવા ક્યો ચોપડો રાખવામાં આવે છે ?

(A) વ્યાજ વહી (B) આંકડા વહી

(C) જણસ વહી (D) કબાલા વહી

HSC.CO.IN

## વિભાગ - B

■ **નીચે આપેલા 11 થી 20 પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો. દરેકના 1 ગુણ છે.** **[10]**

11) અસ્થિર મૂડી ખાતાની પદ્ધતિ કોને કહેવાય ?

12) ભાગીદારનું પુનર્ગઠન એટલે શું ?

13) સરેરાશ નફાને મૂડીકૃત કરવાની પદ્ધતિમાં પાઘડીનું મૂલ્યાંકન કરતા કઈ બાબતો ધ્યાનમાં લેવાય છે ?

14) પેઢીના વિસર્જન વખતે પાકા સરવૈયામાં દર્શાવેલ પ્રોવિડન્ટ ફંડ બાકીનો નિકાલ કેવી રીતે કરશો તે જણાવો.

15) શેર જપ્તી એટલે શું ?

16) ડિબેન્ચર વટાવ એટલે શું ?

17) કર્મચારી વર્ગ (ટ્રેડ યુનિયન) માટે નાણાંકીય પત્રકોના વિશ્લેષણનું મહત્વ જણાવો.

18) પ્રવાહિતાના ગુણોત્તરો જણાવો.

19) દેશીનામામાં હથ્થુ ખાતે રકમ ક્યારે ઉધારાય છે ?

20) અચળ મેળ એટલે શું ?

## વિભાગ - C

■ **નીચેના 21 થી 27 પ્રશ્નોના જવાબ આપો. દરેકના 2 ગુણ છે.** **[14]**

21) રોનકની આખરની મૂડી રૂા. 16,000 છે. જેમાં ચાલુ વર્ષના ઉપાડના રૂા. 1,000 તથા નફાના રૂા. 1,500 ની અસર આપેલ છે. શરૂની મૂડી પર વાર્ષિક 5% ના દરે કેટલુ વ્યાજ થાય ?

22) X અને Y એક પેઢીના ભાગીદારો છે. તેમની વચ્ચે નફા નુકસાનની ફાળવણીનું પ્રમાણ 2 : 1 છે. તા. 31-3-08 ના રોજ પેઢીના ચોપડે નીચે પ્રમાણેની બાકીઓ છે.

(1) નફા નુકસાન ખાતું (જમા) રૂા. 30,000

(2) કારીગર અકસ્માત વળતર ફંડ (જમા) રૂા. 48,000

ઉપરની તારીખે X અને Y એ તેમની વચ્ચેના નફા નુકસાન ફાળવણીનું નવું પ્રમાણ 3 : 2 નક્કી કર્યું. ભાગીદારી પેઢીના ચોપડે એકત્રિત થયેલ નફા કે ખોટની વહેંચણી દર્શાવતી આમનોંધ પસાર કરો. (બાબત જે. જરૂરી નથી)



HSCCO.IN

23) નીચેના વિધાનો ખરાં કે ખોટા તે જણાવો. ખોટા હોય તો સુધારી સાચું વિધાન લખો.

(1) ભાગીદારી પેઢીનો કોઈ એક ભાગીદાર નિવૃત્ત થાય ત્યારે પેઢીનું વિસર્જન થાય છે.

(2) ભાગીદારી પેઢીમાં બધાજ ભાગીદારોની જવાબદારી તેમની મૂડી જેટલી મર્યાદિત હોય છે.

**અથવા**

નીચેના વ્યવહારોની પેઢીના વિસર્જનના સંજોગોમાં થતી આમનોંધ લખો. (બાબત જે. જરૂરી નથી)

(1) આવકવેરાની જવાબદારી રૂા. 15,000 ની ચૂકવવાની થઈ જે ચોપડે નોંધેલ નથી.

(2) પેઢીના વિસર્જન વખતે મોટરકાર રૂા. 2,00,000 ની બતાવેલ છે. એક ભાગીદાર રૂા. 1,50,000 માં લઈ જાય છે.

24) 'M' લિમિટેડે તા. 1-4-2008 ના રોજ દરેક રૂા. 100 નો એક એવા 9.5 ટકાના 8,000 ડિબેન્ચર્સ 5 ટકાના વટાવે બહાર પાડ્યા. કંપનીનું હિસાબી વર્ષ 31મી માર્ચના રોજ પુરૂ થાય છે. કંપનીના ચોપડે ડિબેન્ચર બહાર પાડવાની આમનોંધ લખો. (બાબત જે. જરૂરી નથી)

HSC.CO.IN

25) નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ એટલે શું ?

26) 'P' કંપનીના ચોપડેથી નીચેની કેટલીક બાકીઓ મેળવવામાં આવેલી છે :

| | |
|---|---|
| દેવાદારો | રૂા. 2,00,000 |
| લેણી હુંડીઓ | રૂા. 1,00,000 |
| ઉધાર વેચાણ | રૂા. 30,00,000 |
| કામગીરીના દિવસો - | 300 |

દેવાદારોના ગુણોત્તરની ગણતરી કરો.

27) 'N' લિમિટેડના ચોપડા પરથી એમ જાણવા મળે છે કે વેચેલ માલની પડતર પર 25 % કાચા નફાનું ધોરણ છે. તો કાચા નફાનો ગુણોત્તર શોધો.

## વિભાગ - D

■ નીચેના 28 થી 33 ટૂંક જવાબી પ્રશ્નો છે. તેના માગ્યા મુજબ ગણતરી કરી જવાબ આપો. દરેકના 3 ગુણ છે. [18]

28) નીચેની માહિતી પરથી યોગ્ય સરેરાશનો ઉપયોગ કરીને પાઘડીની કિંમત છ વર્ષની ખરીદીને આધારે નક્કી કરો.

| વર્ષ | 2005 | 2006 | 2007 | 2008 |
|---|---|---|---|---|
| નફો (રૂ.) | 20,000 | 15,000 | 20,000 | 17,000 |

**અથવા**

નીચેની માહિતી પરથી જય અને કિશનની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત છેલ્લા પાંચ વર્ષના ભારીત સરેરાશ નફાની ત્રણ વર્ષની ખરીદીને આધારે નક્કી કરો.

| વર્ષ | 2003 | 2004 | 2005 | 2006 | 2007 |
|---|---|---|---|---|---|
| નફો(રૂ.) | 30,000 | 40,000 | 50,000 | 60,000 | 80,000 |

29) પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં દર્શાવેલ નીચેની બાકીઓનો નિકાલ કેવી રીતે કરશો ? તે જણાવો.

(i) નફા નુકસાન ખાતાની ઉધાર બાકી

(ii) ઘસારા ફંડ

(iii) રોકાણ વધઘટ ભંડોળ

30) નીચેના વ્યવહારોની પેઢીના વિસર્જનના સંજોગોમાં થતી આમનોંધો લખો. (બાબત જે. જરૂરી નથી)

(i) કોઈ ભાગીદાર પેઢીના વિસર્જનની કાર્યવાહી કરવાની જવાબદારી સ્વીકારે છે. તેના બદલામાં તેને મહેનતાણા તરીકે પેઢીએ રૂા. 10,000 ચૂકવવાનું નક્કી કર્યું છે. પેઢીએ તેને ખર્ચના રૂા. 5,000 ચૂકવ્યા.

(ii) પેઢીના વિસર્જન વખતે ચોપડે પાઘડી રૂા. 60,000 બતાવેલ છે. તેની ઉપજ અંગે કોઈ સૂચના નથી.

HSC.CO.IN

31) 'કીર્તન' લિમિટેડે તા. 1-7-2000 ના રોજ રૂા. 100 નો એક એવા 8 ટકાના 6,000 ડિબેન્ચર મૂળ કિંમતે બહાર પાડ્યા. જે તા. 30-6-2008 ના રોજ ડિબેન્ચર દીઠ રૂા. 115 ની કિંમતે પરત કરવાના છે.

કંપનીના ચોપડે ડિબેન્ચર બહાર પાડતી વખતની અને પરત કરતી વખતની જરૂરી આમનોંધ લખો. (બાબત જે. વગર)

32) 'પ્રણામ' લિમિટેડે તા. 1-6-2000 ના રોજ રૂા. 100 નો એક એવા 10 ટકાના 10,000 ડિબેન્ચર 5 ટકાના પ્રીમિયમથી બહાર પાડ્યા, જે તા. 31-5-2006 ના રોજ ડિબેન્ચર દીઠ રૂા. 100 ની કિંમતે પરત કર્યા. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો. (બાબત જે. વગર)

33) એક કંપનીના ચોપડે નફા નુકસાન ખાતામાં નીચે પ્રમાણે વિગતો આપવામાં આવેલી છે.

| વિગત | રકમ રૂા. |
|---|---|
| વેચાણ | 6,60,000 |
| કાચો નફો | 1,60,000 |
| સંચાલકીય ખર્ચા | 61,000 |
| ચોખ્ખો નફો (ન.નુ.ખાતા મુજબનો) | 99,000 |

સંચાલન ગુણોત્તરની ગણતરી કરો.

HSC.CO.IN

## વિભાગ - E

■ **પ્રશ્ન ક્રમાંક 34 થી 36 નિબંધ પ્રકારના પ્રશ્નો છે. દરેકના 8 ગુણ છે.** **[24]**

**34)** ગગન અને આકાશ સરખે હિસ્સે નફો નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2008 ના રોજનું તેમનું પાકુ સરવૈયું નીચે મુજબ છે :

**31-3-2008 ના રોજનું પાકુ સરવૈયું**

| મૂડી-દેવા | રકમ (રૂ.) | મિલકત-લેણાં | રકમ (રૂ.) |
|---|---|---|---|
| મૂડી : | | જમીન-મકાન | 2,00,000 |
| ગગન 2,00,000 | | યંત્રો | 1,00,000 |
| આકાશ 2,00,000 | 4,00,000 | રોકાણો | 1,00,000 |
| લેણદારો | 35,000 | સ્ટોક | 10,000 |
| સામાન્ય અનામત | 15,000 | દેવાદારો 33,000 | |
| | | - ઘાલખાધ અનામત 3,000 | 30,000 |
| | | રોકડ / બેંક સિલક | 10,000 |
| | 4,50,000 | | 4,50,000 |

ઉપરની પાકા સરવૈયાની તારીખે ધરતીને નીચેની શરતોએ ભાગીદારીમાં પ્રવેશ આપ્યો.

(1) ધરતીએ મૂડી પેટે રૂા. 1,50,000 રોકડા લાવવા.

(2) ધરતીને નફામાં $\frac{1}{5}$ ભાગ આપવો.

(3) જમીન-મકાન ની નવી કિંમત રૂા.3,00,000 ગણવી.

(4) યંત્રોની કિંમતમાં રૂા.20,000 નો વધારો કરવો.

(5) રોકાણોની કિંમત રૂા. 80,000 ગણવી.

(6) દેવાદારો પર 10% લેખે ઘાલખાધ અનામતની જોગવાઈ કરવી.

(7) લેણદારોની રકમમાંથી રૂા. 1,750 હવે ચૂકવવાના નથી જેની ચોપડે નોંધ કરવી.

ઉપરની માહિતી પરથી ભાગીદારી પેઢીના ચોપડે જરૂરી ખાતાં તૈયાર કરી નવી પેઢીનું પાકુ સરવૈયું તૈયાર કરો.

HSC.CO.IN

35) શનિ, રવિ અને સોમ સરખે હિસ્સે ભાગીદારો છે. તેમની પેઢીનું તા. 31- 12-2007ના રોજનું પાકુ સરવૈયું નીચે આપેલ છે.

પાકુ સરવૈયું

| જવાબદારીઓ | રકમ રૂા. | મિલકતો | | રકમ રૂા. |
|---|---|---|---|---|
| મૂડી : | | પાઘડી | | 20,000 |
| શનિ - 40,000 | | જમીન મકાન | | 50,000 |
| રવિ - 30,000 | | યંત્રો | | 30,000 |
| સોમ - 20,000 | 90,000 | રોકાણો | | 10,000 |
| સામાન્ય અનામત | 9,000 | સ્ટોક | | 10,000 |
| બેંક ઓવરડ્રાફ્ટ | 10,000 | દેવાદારો | 10,000 | |
| લેણદારો | 40,000 | - ઘા.અનામત | 1,000 | 9,000 |
| પ્રોવિડન્ટ ફંડ | 15,000 | રોકડ | | 35,000 |
| | 1,64,000 | | | 1,64,000 |

સોમ તા. 1-1-2008 ના રોજ નિવૃત્ત થાય છે. તે દિવસે નીચેની બાબતો નક્કી થઈ.

(1) સ્થિર મિલકતો 20% વધુ કિંમતે ચોપડે બતાવવી.

(2) સ્ટોકનું મૂલ્ય 10% ઓછુ ગણવું.

(3) લેણદારો પૈકી રૂા. 2,000 ના લેણદારો હવે ચૂકવવાના નથી.

(4) બેંક ઓવરડ્રાફ્ટ પર 10% વ્યાજ ગણાય છે. છેલ્લા એક વર્ષના વ્યાજની અસર આપવાની છે.

(5) પેઢીની પાઘડીનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવ્યું, પરંતુ પાઘડી તેની જુની કિંમતે જ ચોપડે બતાવવાની છે.

(6) કમિશનની લેણી થયેલી આવક રૂા. 2,000 છે જે મળી નથી. તેની ચોપડે અસર આપવાની છે.

(7) સોમને તેની લેણી નીકળતી રકમ પેટે રૂા. 33,000 રોકડેથી ચૂકવી આપ્યા છે.

ઉપરના વ્યવહારોની અસર આપવા જરૂરી ખાતાં તૈયાર કરી સોમની નિવૃત્તિ પછીનું પાકુ સરવૈયુ તૈયાર કરો.

HSC.CO.IN

36) કીર્તિ લિમિટેડે રૂા. 10 નો એક એવા 40,000 ઈ.શેર 5% ના વટાવે વધારાની મૂડી પ્રાપ્ત કરવા બહાર પાડ્યા. રકમ નીચે મુજબ મંગાવવામાં આવી હતી.

| | |
|---|---|
| અરજી વખતે શેર દીઠ | રૂા. 2.50 (વટાવ બાદ) |
| મંજૂરી વખતે શેર દીઠ | રૂા. 3.00 |
| આખરી હપ્તા વખતે શેર દીઠ | રૂા. 4.00 |

પ્રકાશે ધારણ કરેલા 500 શેર પર છેલ્લા હપ્તાની રકમ સિવાય બધા શેરો પર નિયત સમયે લેણી રકમ મળી ગઈ હતી. યોગ્ય કાર્યવાહી કર્યા બાદ કંપનીએ પ્રકાશના શેર જપ્ત કર્યા. જપ્ત થયેલા શેર રાજેશને શેર દીઠ રૂા. 6.50 લેખે પૂરા ભરપાઈ થયેલા તરીકે વેચી દીધા.

ઉપરના વ્યવહારોની કંપનીના ચોપડે આમનોંધ લખો. (બાબત જે. જરૂરી નથી)

**અથવા**

'એપલ' લિમિટેડે રૂા. 10 નો એક એવા 1,00,000 ઈ.શેર દીઠ રૂા. 25 ના પ્રીમિયમે બહાર પાડયા. શેર દીઠ નીચે મુજબ રકમ મંગાવવામાં આવી હતી.

| | |
|---|---|
| અરજી સાથે | રૂા. 12 (રૂા. 10 પ્રીમિયમ સહિત) |
| મંજૂરી સાથે | રૂા. 13 (રૂા. 10 પ્રીમિયમ સહિત) |
| આખરી હપ્તા સાથે | રૂા. 10 (રૂા. 5 પ્રીમિયમ સહિત) |

ઓરેન્જે ધારણ કરેલા 1,000 શેર પર આખરી હપ્તાની રકમ સિવાય બધા શેર પર પુરેપુરી રકમ મળી ગઈ હતી. કંપનીએ યોગ્ય કાર્યવાહી કર્યા બાદ ઓરેન્જના શેર જપ્ત કર્યા અને તે શેર, શેર દીઠ રૂા. 18 લેખે મેંગોને પૂરા ભરપાઈ થયેલા તરીકે ફરી વેચ્યા.

ઉપરના વ્યવહારોની કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો. (બાબત જે. જરૂરી નથી)

## વિભાગ - F

■ **પ્રશ્ન ક્રમાંક 37 અને 38 નિબંધ પ્રકારના પ્રશ્નો છે. જેના માગ્યા પ્રમાણે જવાબ લખો. દરેકના 12 ગુણ છે.** [24]

37) નીલકંઠ અને સહજાનંદ 3 : 2 ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તેમની પેઢીના નીચેના કાચા સરવૈયા અને હવાલા પરથી તા. 31-3-2008 ના રોજ પૂરા થતા વર્ષનું વેપાર ખાતું, નફા નુકસાન ખાતું, નફા નુકસાન ફાળવણી ખાતું તથા તે દિવસનું પાકુ સરવૈયું તૈયાર કરો.

HSC.CO.IN

### તા. 31-3-2008 ના રોજનું કાચુ સરવૈયું

| વિગત | ઉધાર બાકી (રૂા.) | જમા બાકી (રૂા.) |
|---|---|---|
| નીલકંઠની મૂડી અને ઉપાડ | 20,000 | 1,00,000 |
| સહજાનંદની મૂડી અને ઉપાડ | 14,000 | 50,000 |
| લેણદારો અને દેવાદારો | 90,000 | 60,000 |
| માલ પરત | 2,000 | 3,000 |
| હૂંડીઓ - લેણી અને દેવી | 15,000 | 20,000 |
| રોકડ અને બેંક | 1,000 | 14,000 |
| ઘાલખાધ અને ઘાલખાધ અનામત | 400 | 1,300 |
| ખરીદી અને વેચાણ | 1,40,000 | 2,60,500 |
| મજૂરી અને મજૂરીના બાકી દેવાં | 35,000 | 2,000 |
| મશીનરી અને ઉમેદવારનું પ્રીમિયમ | 36,500 | 800 |
| મશીનરીનો ઘસારો | 3,500 | – |
| ફર્નિચર | 12,000 | – |
| સ્ટોક (તા. 1-4-2007) | 46,100 | – |
| અગાઉથી ચૂકવેલ વીમો | 200 | – |
| પગાર | 23,000 | – |
| વીમો | 2,000 | – |
| ભાડુ અને વેરા | 12,000 | – |
| જાહેરાત ખર્ચ | 2,900 | – |
| પાઘડી | 72,000 | – |
| ભાડાપટ્ટાનું મકાન (તા.1-10-2005થી પાંચ વર્ષ) | 14,000 | – |
| સ્વામિની 8 % ની લોન (તા.1-11-2007) | – | 30,000 |
| કુલ રૂા. | 5,41,600 | 5,41,600 |

હવાલા :

(1) આખરસ્ટોક રૂા. 1,10,000 છે. જેની બજાર કિંમત 10% વધુ છે.

(2) ભાગીદારોને મૂડી પર વાર્ષિક 6 % લેખે વ્યાજ આપવાનું છે.

(3) ભાગીદારો પાસેથી નીચે મુજબ ઉપાડ પર વ્યાજ વસૂલ કરવાનું છે :
નીલકંઠ : રૂા. 900, સહજાનંદ : રૂા. 600

(4) દેવાદારો પર 5 % શંકાસ્પદ લેણાં માટે જોગવાઈ કરો.

(5) વર્ષના અંતે ચૂકવવાના બાકી ખર્ચ : પગાર - રૂા. 950 અને ભાડુ રૂા. 300.

(6) મશીનરી પર 10 % અને ફર્નિચર પર 5 % ઘસારો ગણો.

HSC.CO.IN

38) શ્રી બાબુલાલના સંવત 2064 ના આસો વદ 0)) ના રોજના ઉતારા પરથી હવાલામેળ, ખરીદ વકરા ખાતું અને પાકુ સરવૈયું તૈયાર કરો.

**સંવત 2064 ના આસો વદ 0)) ના રોજનો ઉતારો**

| જ | | ઉ | |
|---|---|---|---|
| 21,000.00 | શ્રી ભંડોળ ખાતે ખા.પા. | 11,000.00 | શ્રી યંત્ર સામગ્રી ખાતે ખા.પા. |
| 25,000.00 | શ્રી વકરા ખાતે ખા.પા. | 2,500.00 | શ્રી શરૂના માલસ્ટોક ખાતે ખા.પા. |
| 1,000.00 | શ્રી ઘરવપરાઈ ગયેલ માલ ખાતે ખા.પા. | 14,000.00 | શ્રી ખરીદ ખાતે ખા.પા. |
| 1,250.00 | શ્રી કમિશન ખાતે ખા.પા. | 1,000.00 | શ્રી ખરીદ ગાડીભાડા ખાતે ખા.પા. |
| 1,500.00 | શ્રી બેન્ક ખાતે ખા.પા. | 1,100.00 | શ્રી જકાત ખાતે ખા.પા. |
| 4,300.00 | શ્રી બાકી દેવા ખાતે ખા.પા. | 1,200.00 | શ્રી મજૂરી ખાતે ખા.પા. |
| | 1,100.00 શ્રી રામ ખાતે ખા.પા. | 2,500.00 | શ્રી ઘર ખર્ચ ખાતે ખા.પા. |
| | 300.00 શ્રી શ્યામ ખાતે ખા.પા. | 2,800.00 | શ્રી દુકાન ખર્ચ ખાતે ખા.પા. |
| | 900.00 શ્રી જલારામ ખાતે ખા.પા. | 3,000.00 | શ્રી સાધન સરંજામ ખાતે ખા.પા. |
| | 2,000.00 શ્રી અજય ખાતે ખા.પા. | 10,000.00 | શ્રી ઈમારત ખાતે ખા.પા. |
| | 4,300.00 | 4,400.00 | શ્રી બાકી લેણાં ખાતે ખા.પા. |
| 54,050.00 | | | 1,800.00 શ્રી કનુ ખાતે ખા.પા. |
| | | | 600.00 શ્રી દીનુ ખાતે ખા.પા. |
| | | | 2,000.00 શ્રી વિજય ખાતે ખા.પા. |
| | | | 4,400.00 |
| | | 53,500.00 | |
| | | 550.00 | શ્રી પુરાંત બાકી |
| | | 54,050.00 | |

હવાલા :

(1) આખર માલનો સ્ટોક રૂા. 15,000 છે.

(2) મજૂરીના રૂા. 200 ચૂકવવાના બાકી છે.

HSC.CO.IN

(3) શ્રી દીનુ પાસેથી હવે કંઈ વસૂલ થઈ શકે તેમ નથી.

(4) ઈમારત પર 10 % ઘસારો ગણો.

(5) શ્રી અજયને ચૂકવવાની રકમ શ્રી વિજયે કબૂલ કરી.

**અથવા**

નીચે આપેલી કાચી નોંધ પરથી શ્રી કરૂણાશંકર જટાશંકરનો સંવત 2064 ના પોષ માસનો બેઠો મેળ તૈયાર કરો.

સુદ - 1 રોકડ સિલક રૂા. 2,500 બેંક સિલક રૂા. 1,600

2 દિપકભાઈ પાસેથી રૂા. 8,000 ની લોન લીધી.

3 પ્રજ્ઞેષ પાસેથી રૂા. 2,000 નો માલ ખરીદ્યો. પ્રજ્ઞેષે લારી ભાડુ રૂા. 20 ચૂકવ્યું, જે આપણે ભોગવવાનું છે.

4 નરેન્દ્ર પાસેથી રૂા. 3,000 ના માલની ખરીદી કરી, જે પેટે રૂા. 1,500 ચૂકવ્યા.

5 અર્બન કો.ઓ. બેંકમાં રૂા. 2,200 ભર્યા.

8 બાબુલાલને પગાર રૂા. 1,300 તથા કિશોરભાઈને ભાડુ રૂા. 400 ચૂકવ્યું.

10 દિપલ પાસેથી કમિશન રૂા. 1,500 મળ્યું.

11 ઘરમાં યજ્ઞ કરાવ્યો જે પેટે રૂા. 800 ચૂકવ્યા.

15 મનીષા બેનને રૂા. 3,500 નો માલ 2 % ના રોકડ વટાવે રોકડેથી વેચ્યો.

વદ - 5 કૈલાસબેનને રૂા. 200 નો માલ વેચ્યો.

7 પાટીદાર જ્વેલર્સ પાસેથી પુત્રવધુ માટે ચાંદીના ઝૂડા નંગ - 2, દર રૂા. 150 લેખે ખરીદ્યા અને પૂરેપૂરી રકમનો ચેક આપ્યો.

10 મહાલક્ષ્મી પ્રિન્ટીંગ પ્રેસમાં રૂા. 1,000 ની બિલબુકો છપાવી, ખર્ચની રકમ રોકડમાં ચૂકવી.

11 આવકવેરા રિફંડ રૂા. 1,500 મળ્યું, જે પેઢીના બેંક ખાતામાં ભર્યું.

12 પ્રતિક્ષાબેન તરફથી રૂા. 1,960 નો ચેક 2 % નો રોકડ વટાવ કાપી મળ્યો. જે બેંકમાં ભર્યો.

0)) સિલક મેળવતાં રૂા. 20 ની સિલક ઘટી છે.

◆◆◆